સંક્ષિપ્ત સમાચાર

વકૃત્વ સ્પર્ધામાં હરિયા સ્કૂલના વિદ્યાર્થીઓનો ઝળહળતો દેખાવ

વાપી : લાયન્સ સ્કૂલ સેલવાસ દ્વારા આયોજિત ઇન્ટરસ્કૂલ વકૃત્વ સ્પર્ધા (સ્પીક ફેસ્ટ 2026) આયોજિત કરવામાં આવી હતી. જેમાં વાપીની શ્રી. એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિજેતા વિદ્યાર્થીઓ ધોરણ 8 કુમારી અનન્યા રાય વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણ 10 માસ્ટર વિપુલ ઝા ડિબેટ કોમ્પિટિશનમાં અગેઇન મોશનમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણ 12 અંશુ શર્મા ડિબેટ કોમ્પિટિશન અગેઇન મોશનમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણ 11 કાજલ તિવારી ડિબેટ કોમ્પિટિશનમાં ફોર ધ મોશનમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીન્ની પોલે આશીર્વાદ પાઠવ્યા હતાં.

ચોંઢાની નવચેતન હાઈસ્કૂલમાં ૪૦૬ વિદ્યાર્થીઓને નોટબુક-બોલપેનનું વિતરણ

વાંસદા : વાંસદા તાલુકાની ડો. મણિભાઈ દેસાઈ નવચેતન હાઈસ્કૂલ, ચોંઢા ખાતે NRI દાતાઓ દ્વારા ધોરણ ૬ થી ૧૨ના કુલ ૪૦૬ વિદ્યાર્થીઓને નોટબુક અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ન્યૂઝીલેન્ડ સ્થિત દાતા ટિકલબેન મોરાર (મૂળ વતન દેલવાડા), હસ્મિતાબેન પટેલ (વિરાવળ), દિપીકાબેન પટેલ (સિમલગામ) તથા સીમાબેન પટેલ (નવસારી)ના સહયોગથી રૂપિયા ૪૧ હજારની કિંમતની નોટબુકો અને બોલપેન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતમાં સહભાગી બનવાની આ પહેલને શાળાના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ નાયકે બિરદાવી NRI તથા તારક પટેલના પરિવારજનોનો આભાર વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ચારેય મહિલાઓ દ્વારા કરવામાં આવેલી આ સેવા નારી શક્તિ અને સમાજ પ્રત્યેની જવાબદારીનું સરાહનીય ઉદાહરણ બની છે.

નવસારી જિલ્લાના શાહુકારોને પોતાનો ઓડિટ રિપોર્ટ રજુ કરવા તાકીદ

બીલીમોરા : નવસારી જિલ્લા સહીત ગણદેવી તાલુકામાં નોંધાયેલા શાહુકારોની કુલ સંખ્યા-૧૩૯ છે. આ તમામ શાહુકારોને અધિનિયમની જોગવાઈઓ મુજબ તારણવાળા ધિરાણ માટે ૧૨% તથા તારણ વિનાના ધિરાણ માટે ૧૫% મુજબ વ્યાજની જોગવાઈ નાણાં ધિરધાર અધિનિયમમાં કરી છે તથા ગુજરાત નાણા ધિરધાર અધિનિયમની કલમ-૨૩(૧) મુજબ નાણાંકીય વર્ષ દરમિયાન નાણાં ધિરધારે હિસાબોનું ઓડીટ કરાવવાનું હોય છે. ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમની કમલ-૨૧(૧) અંતર્ગત શાહુકારો દ્વારા ઓનલાઇન નોંધણી કરી તમામ માસિક/વાર્ષિક હિસાબો અને પત્રકો ઓનલાઇન રજુ કરવાના હોય છે. પરંતુ તેમના દ્વારા માસિક/વાર્ષિક હિસાબો અને પત્રકો ઓનલાઇન ઇ-કોઓપરેટીવ પોર્ટલ પર રજુ કરવામાં આવતા નથી જે નાણાં ધિરધાર અધિનિયમની કલમ-૪૪નું ઉલ્લંઘન કર્યું હોય જે ગંભીર બાબત છે. વધુમાં ૫૦ લાખથી ઓછુ ટર્ન ઓવર ધરાવતા શાહુકારોએ ખાતા વૈધાનિક ઓડિટર પાસે દર વર્ષે ઓડીટ કરવવાનું રહેશે તથા ૫૦ લાખથી વધુ ટર્ન ઓવર ધરાવતા શાહુકારોએ ચાર્ટડ એકાઉન્ટ પાસે દર વર્ષે ઓડીટ કરાવવાનું રહેશે. જેથી તા.૩૧/૦૩/૨૦૨૬ અંતિત સત્વરે ઓડીટ પૂર્ણ કરાવી ઓડિટ રિપોર્ટ ઓનલાઇન રજૂ કરવા અવગત કરવામાં આવે છે. આમ, ઉપરોક્ત મુજબની સૂચના મુજબ દિન-૭ માં સ્પષ્ટતા સહ ખુલાસો રજુ કરવા જણાવાનો રહેશે. અન્યથા તેમની સામે કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું નવસારી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની યાદીમાં જણાવાયું છે.

નવસારીની શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ દ્વારા ભજનની સ્પર્ધા યોજાઇ

નવસારી : શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારીમાં સંસ્કૃતિની જાળવણીના પ્રયાસ સ્વરૂપે પારંપરિક ભજનની સ્પર્ધા યોજાઇ હતી. જેમાં સુંદર કૃતિઓની રજૂઆત બાદ સરગમ ગ્રુપ, વૃંદાવન સોસાયટી, નવસારી દ્વારા પ્રથમ પ્રયાસે સફળતા પ્રાપ્ત કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલો હતો. જેમાં મુખ્ય ગાયિકા મયુરી કુણાલ દેસાઈ દ્વારા ભજનની સૂરીલી શરૂઆત થઈ અને કોરસ મિત્તલ અનંત શેઠજી, સેજલ નિમેષ દેસાઈ, રાખી મનિષ શાહ, પૂજા અજય વશી તથા દિપીબેન યોગેશ નાયક દ્વારા સુંદર રજૂઆત થયેલી હતી. આજ પ્રમાણે સંસ્કૃતિનું સિંચન કરતા ઘણા કાર્યક્રમો અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ દ્વારા થતા રહે છે. જેથી આજની યુવા પેઢી પણ ઘડાતી રહે અને સારસ્વત કલાઓનો વારસો જળવાયેલો રહે.

પારડી ચાર રસ્તા પાસે શાકભાજી ભરેલો પીકઅપ ટેમ્પો પલટ્યો

પારડી : પારડી ચાર રસ્તા બ્રિજ નીચે નાસિક તરફથી શાકભાજી ભરીને આવતો એક પીકઅપ ટેમ્પો વળાંક પર ચાલકે કાબૂ ગુમાવતા પલટી મારી ગયો હતો. સદનસીબે અકસ્માત સમયે રોડ પર કોઈ રાહદારી કે અન્ય વાહન ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટના બાદ ટેમ્પોચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. નાનાપોંઢાથી પારડી તરફના ગ્રામ્ય માર્ગો પર શાકભાજી લઈને દોડતા પીકઅપ ટેમ્પો ચાલકોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ચાલકો શોર્ટકટ અને વહેલા પહોંચવાની લ્હાયમાં બેફામ અને ઓવરસ્પીડમાં વાહનો હંકારીને અકસ્માતો સર્જે છે. અગાઉ પોલીસે સ્પીડ બેરિયર મૂકી કાર્યવાહી કરી હોવા છતાં આ ચાલકો પર કોઈ અસર થઈ નથી. સતત વધતા અકસ્માતોને કારણે સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપ્યો છે અને આવા બેફામ ચાલકો સામે પોલીસ કડકમાં કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

ભારે વરસાદ અને પૂર બાદ કાદવ-કીચડની સફાઈમાં રાત-દિવસ મહેનત છતાં પગાર મળ્યો નહીં

પગાર મુદ્દે કર્મચારીઓનો હોબાળો

નવસારી મનપામાં બેથી ત્રણ મહિનાથી વેતન ન મળતા મેયર સમક્ષ રજૂઆત

રૂપિયા ૧૭,૫૦૦ પગાર નક્કી કરાયો છતાં ૧૨,૦૦૦ વેતન જ ચૂકવાતું હોવાના આક્ષેપ

નવસારીઃ રક્ષાબંધનના તહેવાર વચ્ચે નવસારી મહાનગરપાલિકામાં ફરજ બજાવતા આઉટસોર્સ કર્મચારીઓનો પગારનો મુદ્દો ગરમાયો છે. વિવિધ વિભાગોમાં કામ કરતા ઉપથી વધુ કર્મચારીઓએ મંગળવારે મનપા કચેરીએ પહોંચી મેયર અશોક ધોરાજિયા અને કારોબારી સમિતિ સમક્ષ પગાર ચૂકવણી અંગે રજૂઆત કરી હતી. કર્મચારીઓએ છેલ્લા રથી ૩ મહિનાથી વેતન ન મળતા આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

મનપાના મેનહોલ, ડ્રેનેજ અને બાંધકામ, વોટર વર્ક્સ, ગાર્ડન, એન્જિનિયરિંગ તથા દબાણ હટાવ સહિતના વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ આ રજૂઆતમાં જોડાયા હતા. કર્મચારીઓના જણાવ્યા મુજબ શહેરમાં ભારે વરસાદ અને પૂર બાદ કાદવ-કીચડની સફાઈ સહિતની કામગીરીમાં રાત-દિવસ મહેનત કરવા છતાં સમયસર પગાર મળતો નથી.

એજન્સી બિલ રજૂ ન કરે તો પાલિકા પર આક્ષેપ યોગ્ય નથી

કર્મચારીઓની રજૂઆત બાદ મેયર અશોક ધોરાજિયાએ મામલે દરમિયાનગીરી કરી હતી. મેયરે જણાવ્યું હતું કે એજન્સીઓ સમયસર બિલ રજૂ ન કરે તો પાલિકા પર સીધો આક્ષેપ કરવો યોગ્ય નથી, પરંતુ કર્મચારીઓને મુશ્કેલી ન પડે તે માટે આગામી બે દિવસમાં બાકી પગાર ચૂકવવાની ખાતરી આપી હતી. ઉપરાંત ભવિષ્યમાં તમામ આઉટસોર્સ કર્મચારીઓને દર મહિનાની ૧૦મી તારીખ સુધીમાં નિયમિત પગાર મળે તેવી કાયમી વ્યવસ્થા કરવા કારોબારી ચેરમેન મુકેશ અગ્રવાલને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રજૂઆત દરમિયાન પગાર કપાત અને ઓરમાયા વર્તનના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. પૂર્વ નગરસેવક પિયુષ ઠીમરે કર્મચારીઓના મુદ્દે પાલિકાના વહીવટ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કેટલાક કર્મચારીઓ માટે રૂપિયા ૧૭,૫૦૦ પગાર નક્કી કરાયો હોવા છતાં રૂપિયા ૧૨,૦૦૦થી રૂપિયા ૧૨,૫૦૦ સુધીનું વેતન ચૂકવવામાં આવે છે, જ્યારે કેટલાકને રૂપિયા૧૦,૦૦૦ જ ચૂકવાતા હોવાના આક્ષેપ છે.

નવસારીમાં રક્ષાબંધને મહિલાઓ અને બાળકો માટે સિટી બસ મુસાફરી નિઃશુલ્ક

નવસારી : આગામી ૨૮ ઓગસ્ટ, શુક્રવારે રક્ષાબંધનના દિવસે મુખ્યમંત્રી શહેરી બસ સેવામાં મહિલાઓ અને બાળકો સંપૂર્ણપણે નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. મનપાની ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા લેવાયેલો આ નિર્ણય શહેરના તમામ નિર્ધારિત રૂટ પર દોડતી સિટી બસોમાં લાગુ રહેશે. તહેવારના દિવસે બહેનોને પોતાના ભાઈને રાખડી બાંધવા માટે એક સ્થળેથી બીજા સ્થળે જવાનું હોય છે. મુસાફરીના ખર્ચનો વધારાનો બોજ ન પડે અને બહેનો સરળતાથી પોતાના ભાઈના ઘરે પહોંચી શકે તે માટે મનપાએ આ પહેલ કરી છે. મહિલાઓની સાથે મુસાફરી કરતા બાળકોને પણ આ સુવિધાનો લાભ મળશે. જે પરિવારો માટે આર્થિક રાહતરૂપ સાબિત થશે.

અનામત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અટવાતા વિરોધ પ્રદર્શન

વલસાડમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. વિદ્યાર્થીઓની સ્કોલરશીપ વર્ષથી પેન્ડિંગ હોવાથી તંત્ર સામે આંદોલનની ચીમકી

વલસાડ : રાજ્યમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) લાંબા સમયથી અટકેલી હોવાના મુદ્દે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા વહીવટી તંત્ર સામે મોરચો માંડવામાં આવ્યો છે. વલસાડ ખાતે ABVPના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કરી પોતાની પડતર માંગણીઓ અંગે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને તંત્ર સમક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

મીડિયા સમક્ષ વિગતો આપતા ABVPના પ્રતિનિધિ પરીતા દેસાઈએ જણાવ્યું હતું કે, SC, ST અને OBC વર્ગના વિદ્યાર્થીઓની હકની શિષ્યવૃત્તિ છેલ્લા એક વર્ષથી અટકેલી પડી છે. શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી નથી, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ અને કોલેજની ફી ભરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પરીતા દેસાઈએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પોતાની સ્કોલરશીપ મેળવવાથી વંચિત રહ્યા છે. એકલા વલસાડ જિલ્લાની જ સ્થાનિક કોલેજમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ હાલમાં પેન્ડિંગ છે.

ABVPએ સ્પષ્ટ માંગ કરી છે કે, વિદ્યાર્થીઓની જે પણ રકમ બાકી છે તે તાત્કાલિક ધોરણે તેમના ખાતામાં જમા કરવામાં આવે. જો વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર પ્રશ્નનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓ બહાર ABVP દ્વારા ભવ્ય અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

પ્રદૂષણ ફેલાવતી દમણની કંપનીને ૧.૪૭ કરોડનો દંડ

પર્યાવરના નિયમોનો ભંગ કરનાર બાંસવાડા ગાર્મેન્ટ્સ સામે કાર્યવાહી

વીજ પુરવઠો પૂર્વવત કરતા પહેલા દંડ ચૂકવવાનો આદેશ

દમણ : દમણના દલવાડાના ઔદ્યોગિક વિસ્તારમાંથી ઔદ્યોગિક એકમોમાંથી રાત્રે થતા કથિત ઉત્સર્જન અંગેના મામલે દમણ-દીવ પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ બાંસવાડા ગાર્મેન્ટ્સ સામે કડક વલણ અપનાવી પર્યાવરણીય નિયમોના ભંગ બદલ રૂપિયા 1.47 કરોડનો એન્વાયરમેન્ટલ કોમ્પનસેશન ભરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

બાંસવાડા ગારમેન્ટ્સ કડૈયા, દમણ સામે મળેલી ફરિયાદના આધારે વિભાગ દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. પર્યાવરણીય નિયમપાલનની હકીકત ચકાસવા માટે એકમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમ્યાન કંપનીમાં પાણી અને હવાની કલમોની જે જોગવાઈ છે તેના પાલનમાં ગંભીર બેદરકારીઓ અને બિન અનુપાલન જોવા મળ્યું હતુ. આ બાબતે વિભાગે ગંભીરતા દાખવી પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ એકમને કોલોઝર ફટકારી વીજ પુરવઠો બંધ કરવાની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ એકમ તરફથી રજૂ કરવામાં આવેલી જવાબદારી અને નિયમપાલનની ખાતરીને ધ્યાનમાં રાખીને ફરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. સાથે અમુક કડક શરતો પણ કંપની પર લાગુ કરવામાં આવી છે. વીજ પુરવઠો સ્થાપિત થાય એ પહેલા કંપનીએ 1.47 કરોડનો દંડનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરવાનો રહેશે. જે બાદ કંપની ફરી ચાલુ કરી શકાશે. એટલું જ નહીં પણ એકમમાં યોગ્ય ક્ષમતાવાળું એર પોલ્યુશન કંટ્રોલ ડિવાઇસ સ્થાપિત કરી તેને સતત કાર્યરત રાખવા તથા સ્ટેકમાંથી થતા ઉત્સર્જન માટે નિયત ધોરણોનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ઉત્પાદન, માલસામાનની હેરફેર, સંગ્રહ અને ટ્રાન્સફર દરમિયાન ધૂળ કે દુર્ગંધ આસપાસના વાતાવરણમાં ફેલાય નહીં તેની સંપૂર્ણ જવાબદારી પણ એકમે લેવાની રહેશે. પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ઉપરોક્ત તમામ શરતોનું કડક પાલન કરવું પડશે. જો શરતોમાં જરાય ગફલત થશે તો કોઈ પણ પ્રકારની વધુ નોટિસ આપ્યા વિના કાયદેસરની કાર્યવાહી સહિત એકમને ફરી બંધ કરી દેવામાં આવશે.

ધરમપુરમાં ખેતરમાંથી અજગર પકડાયો

ધરમપુર : ધરમપુરના હનમતમાળના પવાર ફળિયામાં ખેતરમાં કામ કરી રહેલા ખેડૂતોને અચાનક ૮ થી ૧૦ ફૂટ લાંબો અજગર નજરે પડતા થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. ખેતરમાં પડેલો વિશાળકાય અજગર દેખાતાં નિલેશ પટેલ અને જીવલ પવારે લોકોને જાણ કરી હતી. ત્યારબાદ વિજયભાઈએ આરએફઓ નિલેશ પટેલને ટેલિફોનિક જાણ કરતા આરએફઓએ કર્મચારી સાથે પહોંચી ગયા હતા. અજગર લાંબો હોવાથી વનકર્મીઓએ ભારે જહેમત બાદ અજગરને પકડી લીધો હતો.

સર્પગંગા તળાવમાં રેસ્ક્યુ બોટ બગડતા સુરક્ષા રામભરોસે

રેસ્ક્યુ બોટમાં ખામી સર્જાતા ઓપરેટરોમાં દોડધામ, સંચાલકો સામે કડક કાર્યવાહીની માંગ

સાપુતારા : ગુજરાતના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારાના સર્પગંગા તળાવ ખાતે રોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ બોટિંગનો આનંદ માણવા આવે છે. તળાવના ઊંડા પાણીમાં પરિવારો અને બાળકો બોટિંગ કરતા હોય ત્યારે તેમની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ, પરંતુ તાજેતરની એક ઘટનાએ તંત્રની મોટી બેદરકારી ઉજાગર કરી છે. ઈમરજન્સી કે અકસ્માત સમયે પ્રવાસીઓનો જીવ બચાવવા માટે રાખવામાં આવેલી રેસ્ક્યુ બોટ જ ટેકનિકલ ખામીના કારણે અચાનક ખોટકાઈ ગઈ હતી.

ઘટના સમયે બોટના એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા કર્મચારીઓ તેને રિપેર કરવાના ફાંફા મારતા નજરે પડ્યા હતા. આ દ્રશ્ય સ્પષ્ટ કરે છે કે સંચાલકો દ્વારા ઈમરજન્સી સાધનોનું નિયમિત મેન્ટેનન્સ કે ચેકિંગ કરવામાં આવતું નથી. જો બોટિંગ દરમિયાન કોઈ ગંભીર અકસ્માત સર્જાય, તો તાત્કાલિક મદદ પહોંચાડવી અશક્ય બને તેવી સ્થિતિથી પ્રવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.

નાગરિકો અને પ્રવાસીઓ દ્વારા નવનિયુક્ત ચીફ ઓફિસર સમક્ષ ઉગ્ર માંગ ઉઠી છે કે પ્રવાસીઓના જીવ સાથે રમતા સંચાલકો સામે કડક પગલાં લેવામાં આવે. તળાવમાં ચાલતી તમામ બોટો, લાઈફ જેકેટ અને રેસ્ક્યુ બોટની ફિટનેસનું ચુસ્ત ચેકિંગ કરવામાં આવે અને નિયમભંગ કરનારાઓના લાયસન્સ રદ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે.

હાથીખાના પાસે રિક્ષા સ્ટેન્ડ ફાળવવા માંગ

યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા ન હોવાથી તંત્ર દ્વારા થતી કાર્યવાહી સામે રિક્ષાચાલકોની કાયમી ઉકેલની રજૂઆત

ધરમપુર : ધરમપુરના હાથીખાના વિસ્તાર પાસે રિક્ષાચાલકો માટે કાયમી રિક્ષા સ્ટેન્ડ ફાળવવાની માંગ ર પકડી રહી છે. આ અંગે રિક્ષાચાલકોએ ધરમપુર નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા નમ્ર અપીલ કરી છે.

ધરમપુર તાલુકાના વિવિધ ગામોમાંથી આવતા અ અનેક રિક્ષાચાલકો હાથીખાના વિસ્તારમાં પેસેન્જર પરિવહન ઉપરાંત શાકભાજી તેમજ અન્ય નાના-મોટા ભાડાં કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષોથી આ વ્યવસાય સાથે જોડાયેલા આ શ્રમજીવીઓ પાસે રિક્ષા ઊભી રાખવા માટે કોઈ ચોક્કસ અને યોગ્ય જગ્યા ન હોવાથી દૈનિક ધોરણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. યોગ્ય પાર્કિંગના અભાવે અવારનવાર વિવાદો સર્જાય છે અને તંત્ર દ્વારા કરવામાં આવતી દંડકીય કાર્યવાહીથી રિક્ષાચાલકો આર્થિક ભીંસમાં મૂકાયા છે. જો નગરપાલિકા દ્વારા હાથીખાના આસપાસ સત્તાવાર રિક્ષા સ્ટેન્ડ માટે જગ્યા ફાળવવામાં આવે, તો રિક્ષાચાલકો અને મુસાફરો બંનેને મોટી રાહત મળશે તેમજ ટ્રાફિક વ્યવસ્થામાં પણ સુધારો થશે.

બગવાડા હાઈવે પરથી ૧૧ પાડાને બચાવાયા

ટેમ્પોમાં ક્રૂરતાપૂર્વક ભરીને પશુઓને લઈ જતા બે શખ્સો વોન્ટેડ જાહેર

પારડી : પારડી પોલીસે પશુઓની હેરાફેરી સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બગવાડા ટોલનાકા પાસેથી વિલ્સન કોલોની નજીકથી એક આઈશર ટેમ્પો (નં. GJ-16-AV-9761) અટકાવીને તપાસ કરતાં તેમાંથી બેથી અઢી વર્ષની ઉંમરના ૧૧ પાડાઓ ક્રૂરતાપૂર્વક, ખીચોખીચ અને ટૂંકી દોરીથી બાંધેલા મળી આવ્યા હતા.

ટેમ્પોમાં પશુઓ માટે ઘાસચારો, પાણી કે મેડિકલ સારવારની કોઈ વ્યવસ્થા નહોતી. પોલીસે ઘટનાસ્થળેથી ચાલક મુનશી અજીમ (રહે. ભરૂચ) ની અટકાયત કરી છે. પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ પશુઓ ભરૂચના સફુભાઈએ ભરાવ્યા હતા અને દહિસર ખાતે લઈ જવાતા હતા. પોલીસથી બચવા માટે 'છપ્પનભાઈ' નામનો શખ્સ અર્ટિગા કાર (નં. GJ-16-AF-8163) દ્વારા પાયલોટિંગ કરી રહ્યો હતો.પોલીસે રૂપિયા ૧.૬૫ લાખની કિંમતના પાડા, મોબાઈલ અને રૂપિયા ૩.૫૦ લાખના ટેમ્પો સહિત કુલ રૂપિયા ૬.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સફુભાઈ અને છપ્પનભાઈને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

બગવાડા હાઇવે પર કારમાંથી રૂપિયા 2.60 લાખના દારૂ સાથે 1 ઝડપાયો

પારડી : બગવાડા ટોલનાકા નજીકથી પારડી પોલીસે રૂપિયા ૨.૬૦ લાખથી વધુની કિંમતના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પારડી પોલીસ બગવાડા ટોલનાકા નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર નાકાબંધી દરમિયાન ક્રેટા કારને રોકી તપાસ કરતા કારની સીટો વચ્ચે તેમજ ડીકીમાં બોક્સ સંતાડી લઈ જવાતો 840 નંગ દારૂની બોટલ જેની કીંમત રૂપિયા 2.60 લાખના જથ્થા સાથે શુભમ ઉર્ફે નાટા પાલને ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂમાં સંડોવાયેલો રીતેશ યાદવને વોન્ટેડ બતાવ્યો હતો. પોલીસે કુલ રૂપિયા 7.65 લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

વાપીના શો-રૂમમાંથી મોપેડ ચોરીમાં કિશોર સહિત ૩ ઝડપાયા

શો રૂમમાં વોશીંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરનારે જ ચોરી કરી હતી

વાપી : વાપી ટીવીએસ શો રૂમમાંથી બે મોપેડ ચોરી થયાની ઘટનામાં વલસાડ એલસીબી ટીમે ચોરીની બે મોપેડ સાથે બાળકિશોર સહિત 3 ઈસમોને ઝડપી પાડ્યા હતાં. શો રૂમમાં વોશીંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરનારે જ ચોરી કરી હતી.

વાપી આનંદ નગર, જલારામ મંદિરની બાજુમાં, શો રૂમની ઉપર કૃણાલ દેસાઈ (ઉં.40, મૂળ વેસ્મા) રહે છે વાપી એડવ્લેક્સમાં આવેલા પાવરવીંગ બાઈક પ્રા. લિ. ટીવીએસ શો રૂમમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે. શો રૂમમાં વોશીંગ ડિપાર્ટમેન્ટમાં જીગર બરૂડીયા (રહે. ઈમરાન નગર મસ્જીદની બાજુમાં, કંચન નગર) કામ કરે છે. શો રૂમના ગોડાઉનમાં બાઈક સ્ટોકની ચકાસણી કરતા બે મોપેડ કિંમત ઓછી હોવાનું માલુમ પડ્યું હતું. બે-ત્રણ દિવસથી જીગર નોકરી ઉપર પણ આવતો ન હતો. જે બાદ તેને શો રૂમ ઉપર બોલાવતા બંને મોપેડ પરત લઈ આપાવંનુ કહ્યુ છતા પરત લાવ્યો ન હતો. આ બનાવ અંગે કૃણાલ દેસાઈએ વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના આધારે, વલસાડ એલસીબી (વાપી) ટીમે વાપી કોપરલી ચાર રસ્તા, સોનોરસ બિલ્ડીંગની પાસે પહોંચી વર્ણવેલા ઈસમો નજરે પડતા નામઠામ પૂછતા જીગર બરૂડીયા, વિશાલ પવાર (ઉં.20, રહે. નામધા) તથા બાળકિશોરના કબજામાંથી શો રૂમમાંથી ચોરી કરેલી બે મોપેડ મળી આવી હતી અને 3 મોબાઈલ ફોન મળ્યા હતાં. વધુ તપાસ માટે વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપ્યા હતાં.